
સમગ્ર ગુજરાતના કોઈપણ ખૂણામાં વસતો વાળંદ બંધુ શિક્ષિત, સંસ્કારી, સ્વાશ્રયી, સુખી અને શહેરી બને તે ધ્યેય દષ્ટિ સમક્ષ રાખીને કાર્યરત સંગઠન એટલે ગુજરાત વાળંદ સેવા સંઘ

# વાળંદ વિકાસ



દરેક અંગ્રેજી મહિનાની બીજી તારીખે પ્રસિદ્ધ થાય છે


વર્ષ : ૬૮ • અંક - ૭ • જુલાઈ ૨૦૨૪ • છૂટક પ્રત રૂ. ૧૦/-

આદ્યતંત્રી : સ્વ. મોહનલાલ મુળજીભાઈ વાળંદ (મેજીસ્ટ્રેટ)


-: 'સંઘ'ના સંસ્થાપકો :-



સ્વ. મોહનલાલ વાળંદ




સ્વ. રેવાભાઈ નાયી



સ્વ. ગોરધનદાસ દલાલ




-: 'સંઘ'ના ઉદ્ધારકો :-



સ્વ. જ્યોતીન્દ્રભાઈ નાયી



સ્વ. શારદાબેન નાયી



સ્વ. કાંતિભાઈ નાયી

## નવીન બહુમાળી સમાજ ભવન

## સાંસ્કૃતિક અને શૈક્ષણિક ઉત્થાનરૂપી નવિન વિદ્યાર્થીગૃહ ઇમારતનું ભવ્ય નજરાણું

**સમાજ સંકલ્પ કરે છે. આ ગૌરવરૂપ પ્રોજેક્ટ આપ સર્વેના સાથ-સહકાર થકી સમાજમાં શૈક્ષણિક ક્રાંતિનું પ્રતિબિંબ બની રહેશે.**

બેંક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા
બેંક ખાતા નં. ૧૦૦૨૯૮૪૧૨૧
**ગુજરાત વાળંદ સેવા સંઘ અમદાવાદ**
સ્થાપના ૨૦ એપ્રિલ, ૧૯૫૭,
પબ્લિક રજિ. નં. એ-૧૮૨૪

દાન જમા કરાવવા માટે ક્યુઆર કોડ

**નમ્ર અપીલ : સમાજનો કોઈ જ્ઞાતિબંધુ આ શૈક્ષણિક ભવનમાં યથાયોગ્ય દાન આપ્યા વિના ન રહી જાય તેવી વિનંતી.**
**નોંધ : આ પ્રોજેક્ટ માટે સંસ્થાને આપેલ દાન આવકવેરા ધારાની કલમ 80(G) હેઠળની જોગવાઈ મુજબ કરમુક્તિને પાત્ર છે.**

## BIO-DATA




| | | |
|---|---|---|
| Name | : | **Himanshu Ghanshyambhai Vadodaria** |
| Date of Birth | : | 07/07/1997 |
| Birth Place | : | Bhavnagar |
| Birth Time | : | 07:30 PM |
| Height | : | 5' 7" |
| Occupation | : | Project manager at Scaletech ( IT Company ) |
| Education | : | Bachelor of engineering in Computer Science from Gujarat Technological University |
| Father | : | Dr. Ghanshyam Pitamberbhai Vadodaria |
| Occupation | : | Principal at Shantilal Shah Government Engineering College. & Dean of Engineering at GTU |
| Mother | : | Ravishaben Ghanshaymbhai Vadodaria |
| Occupation | : | Modi care business director & Tarot card reader. |
| Address | : | 13, Deep Bunglows, ISRO colony road, Ramdevnagar, Ahmedabad, Gujarat, 380015 |
| Sister | : | Mitishaben Divyan Shah |
| Occupation | : | Sub Inspector at Ahmedabad Municipal Corporation |
| Mosal | : | Bhavnagar |
| Grandfather | : | Late Chandrakant L Amreliya |
| Maternal Uncle | : | Tarkesh C Amreliya |
| Contact No | : | Father's - 9909980005,<br>Mother's - 9426863374 |

# ગુજરાત વાળંદ સેવા સંઘ

**(પબ્લીક ટ્રસ્ટ રજી. નં. ૧૮૨૪)**

**: પ્રમુખ :**

**શ્રી વિપુલભાઈ વી. દલાલ (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૪૫૨૫૨૪૪, વોટ્સેપ નં. +1 (678) 677-0003

**: મંત્રી :**

**શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય (ટ્રસ્ટી)**
મો. ૭૪૦૫૮૨૮૯૫૫

: ઉપપ્રમુખ :

**શ્રી સંજયભાઈ ચંદુલાલ પારેખ (ટ્રસ્ટી)**
મો. ૯૯૦૯૦૦૧૯૭૦

**શ્રી પંકજભાઈ કે. નાયી (ટ્રસ્ટી)**
મો. ૯૮૭૯૦૯૮૮૮૭

**શ્રી મહેન્દ્રભાઈ રતિલાલ બાવરિયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૬૩૪૨૫૬

**શ્રી વિજયભાઈ ધીરુભાઈ બગથરીયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૦૮૯૦૦૧

**: સહમંત્રી :**

**શ્રી વિજયભાઈ મણીલાલ લિમ્બાચીયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૩૦૫૩૬૨

**શ્રી પ્રવિણકુમાર શીવરામભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી)**
મો. ૯૪૨૮૦૦૮૭૫૪

**શ્રી મહેશભાઈ પ્રવીણભાઈ જોટંગીયા (ટ્રસ્ટી)**
મો. ૮૩૪૭૩૮૮૮૮૮

**: કોષાધ્યક્ષ :**

**શ્રી નરોત્તમભાઈ હેમાભાઈ નાયી (ટ્રસ્ટી)**
મો. ૯૮૯૮૯૫૯૩૦૫

**: અન્વેષક :**

**શ્રી મૌલિકભાઈ ભરતભાઈ પારેખ (સી.એ.)**
મો. ૯૬૩૮૧૮૦૦૦૭

**: શ્રી પુંધરા વાળંદ વિદ્યાર્થી ગૃહ :**

**ચેરમેન : શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૭૭૬૯૦૦

**વા.ચેરમેન : શ્રી અલ્પેશભાઈ મધુસુદન લિમ્બાચીયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૭૯૧૧૧૨૯૫

**મંત્રી : શ્રી દેવેન્દ્રભાઈ લલિતચંદ્ર કોન્ટ્રાક્ટર (ટ્રસ્ટી)**
મો. ૯૮૭૯૬૯૬૮૬૯

**: રેવાબા સાંસ્કૃતિક હૉલ :**

**ચેરમેન : શ્રી અરવિંદભાઈ એસ. દમણી (ટ્રસ્ટી)**
મો. ૯૩૭૭૫૬૦૮૪૨

**વાઈસ ચેરમેન : શ્રી મયુરધ્વજ કે. લિમ્બાચિયા (ટ્રસ્ટી)**
મો. ૯૪૨૬૩૬૭૦૭૭

**મંત્રી : શ્રી એસ. બી. પારેખ (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૯૭૫૨૩૬

**: અન્ય ટ્રસ્ટી મંડળ :**

શ્રી સુરેશભાઈ જે. શર્મા (અમદાવાદ) | શ્રી રમેશચંદ્ર પી. લિમ્બાચીયા (પાટણ) | શ્રી બી. ટી. નાયી (પાલ્લા)

**: બિલ્ડીંગ પ્રોજેક્ટ કમિટિ (ઇજનેરી પાંખ) :**

ચેરમેન : શ્રી કાળીદાસ કે. પારેખ, (ટ્રસ્ટી) • વા. ચેરમેન શ્રી ગોપાલભાઈ કે. વાળંદ, (ટ્રસ્ટી) • એન્જિનીયર : શ્રી ભાવિનભાઈ બી. લિમ્બાચિયા મો. ૯૯૨૫૬૦૪૪૪૩

શ્રી હર્ષદભાઈ નાથાભાઈ પારેખ (ટ્રસ્ટી) | શ્રી અરવિંદભાઈ જે. શર્મા (યુએસએ) | શ્રી હરિભાઈ કાનજીભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી)
શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી) | શ્રી સંજયભાઈ સી. પારેખ (ટ્રસ્ટી) | શ્રી મહેશભાઈ જોટંગિયા (ટ્રસ્ટી)
શ્રી કિરીટકુમાર એમ. ભટ્ટી | શ્રી દિલીપભાઈ જે. વાઘેલા | શ્રી હસમુખભાઈ આર. પારેખ

**: હિસાબી-વહિવટી પાંખ :**

શ્રી મફતભાઈ વી. પારેખ | શ્રી જયંતિભાઈ કે. લિમ્બાચિયા | શ્રી નરોત્તમભાઈ એચ. નાયી
શ્રી વિપુલભાઈ વી. દલાલ | શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય

**: એડવાઈઝરી કમિટિ :**

શ્રી શરદભાઈ જે. શર્મા (વિજાપુર) | શ્રી અશોકભાઈ એ. વૈદ્ય (મહેસાણા) | શ્રી પ્રકાશચંદ્ર એન. વૈદ (હિંમતનગર)
શ્રી બિપીનભાઈ આર. વાળંદ (ટીમ્બા, સુરત) | શ્રી ચૈતન્યભાઈ મહાવદિયા (અમદાવાદ) | શ્રી જીતુભાઈ ખરચરિયા (અમદાવાદ)

**: પ્રચાર-પ્રસાર કમિટિ :**

શ્રી રાજેશભાઈ વાજા, સેનબંધુ સમાજ (સુરત) | શ્રી દામજીભાઈ ગોંડલિયા, સેનમિત્ર (રાજકોટ) | શ્રી વિપુલભાઈ વાળંદ સમાચાર (ભાવનગર)
શ્રી રમણભાઈ જી. લિમ્બાચીયા (અમદાવાદ) | શ્રી શશીભાઈ પારેખ (આણંદ) | શ્રી શૈલેશભાઈ એન. નાયી (દિયોદર)

## વાળંદ વિકાસ

**Email : valandvikas@valandsevasangh.org**

પ્રકાશક : **શ્રી બાલુભાઈ બી. પારેખ**
મો. : ૯૪૨૮૫૦૩૨૯૧
તંત્રી : **શ્રી જયંતીભાઈ કે. લિમ્બાચીયા**
મો. : ૯૪૨૮૦૪૧૦૧૯
સહતંત્રી : **શ્રી બી. ટી. નાયી (ટ્રસ્ટી) (પાલ્લા)**
મો. : ૯૪૨૬૩૯૧૩૦૨

| વાર્ષિક લવાજમ | આજીવન લવાજમ |
|---|---|
| દેશમાં રૂા. ૧૫૦/- | દેશમાં રૂા.૧૫૦૦/- |
| પરદેશમાં રૂા. ૧૫૦૦/- | પરદેશમાં રૂા.૧૫૦૦૦/- |

૧. વાળંદ વિકાસ એ જ્ઞાતિના વાચકોને વિવિધ વાંચન સામગ્રી પૂરી પાડતું પ્રિન્ટ મીડિયાનું માધ્યમ છે. તેમાં પ્રસિદ્ધિ પામતું લખાણ સંસ્થાના રેકર્ડમાં જરૂરી રહે છે. જેથી વા.વિ.ને છાપવા માટે લખાણ મોકલનારે ફુલસ્કેપ કાગળ પર ટાઈપ કરી અથવા સારા અક્ષરે પોતાના નામ-સંપર્ક નંબર સહિત લખી કાર્યાલયના સરનામે મોકલી આપવું. બહુ જરૂરી હોય તો લખાણનો ફોટો પાડી વૉટ્સએપથી તંત્રીને મોકલવું. આ સિવાય પોતાના મોબાઈલ પર ટાઈપ કરેલું કે ફોરવર્ડેડ મેસેજ સ્વરૂપનું લખાણ મોકલવું નહિ. આવું લખાણ વાળંદ વિકાસમાં છાપી શકાશે નહિ જેની નોંધ લેવા વિનંતી.

૨. વાળંદ વિકાસમાં પ્રસિદ્ધિ માટે આવતું મેટર, લેખ, બહુવિધ સુરુચિ જળવાય તેની યોગ્યતા ચકાસી ઉપલબ્ધ રહેતી જગ્યા અનુસાર સમાવવા પ્રયત્ન કરવામાં આવશે.

૩. વાળંદ વિકાસના લવાજમ, સરનામાં ફેરફાર, અંક ન મળ્યો હોવાની રજુઆત **કાર્યાલયના મેનેજર શ્રી ડાહ્યાભાઈ લિમ્બાચીયાનો સંપર્ક તેમના મો. નં. ૯૫૧૦૦૮૩૩૨૬ પર કરવી.** જે ચકાસણી કરી હકીકત જણાવશે. વ્યાજબી અને પૂરતા અગત્યના કારણો સિવાય તંત્રી-પ્રકાશકને સીધી રજુઆત નહિ કરવા નમ્ર વિનંતી છે.

૪. વાળંદ વિકાસનું લવાજમ કે તેમાં પ્રસિદ્ધ થતા બાયોડેટા, શ્રદ્ધાંજલિ, જ્ઞાતિ-ગૌરવ વિગેરે માટેના દરનાં નાણાં 'વાળંદ વિકાસ'ના નામે એકાઉન્ટ પેઈ ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી મોકલી શકાય છે અથવા નીચેની બેંકની વિગતો મુજબ બેંક ખાતામાં સીધેસીધાં ભરી શકાશે. નાણાં સીધેસીધાં જમા કરાવવાના કિસ્સામાં જમા રસીદની ઝેરોક્ષ નકલ કાર્યલયમાં તુર્તજ મોકલી આપવાની રહેશે તથા કાર્યાલયના ફોન નંબર ૦૭૯-૨૬૩૦૩૦૨૮ પર જાણ કરવાની રહેશે.

| | |
|---|---|
| બેંકનું નામ | : **બેંક ઓફ ઇન્ડિયા** |
| શાખા | : પંચવટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬ |
| બેંક એકાઉન્ટ નં. | : 20011010001O827 |
| ખાતાનું નામ | : વાળંદ વિકાસ |
| IFSC Code | : BKID0002001 |
| MICR Code | : 380013040 |

**-: કાર્યાલય :-**

**ગુજરાત વાળંદ સેવા સંઘ,** C/o. સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ કેમ્પસ, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬ ફોન : ૦૭૯-૨૬૩૦૩૦૨૮

www.valandsevasangh.org
Email : valandsevasangh@gmail.com




## તંત્રીની કલમે

# સમાજસેવા અને ધર્માચરણ

સમાજ, સેવા, ધર્મ, આચરણ આ ચારેય શબ્દો છૂટા છૂટા પણ કેવા આકર્ષક લાગે છે...! પ્રથમ દૃષ્ટિએ જ એમાં રહેલો સરળ ભાવાર્થ હૃદયસ્પર્શી છે. બબ્બે શબ્દો એકત્રિત કરતાં શીર્ષક બન્યું સમાજસેવા અને ધર્માચરણ. આખા સૂત્રને વિસ્તૃત રીતે ચર્ચીએ તે પહેલાં ચારેય શબ્દોનો એક એક કરીને મર્મ સમજીએ.

**સમાજ :** સમાજ એટલે શું ? **समम् अजन्ति जनाः अस्मि इति !** મતલબ કે જેમાં જોડાયેલા લોકો એક ગતિએ એક બનીને ચાલે એ સમાજ કે જેમાં પરસ્પરના ઐક્ય થકી સમાજમાં જોડાયેલા લોકોનું કલ્યાણ અને ઉત્કર્ષ કરવાની ભાવના તેના પાયામાં રહેલી હોય. સંગઠનનો બહુ પ્રચલિત મંત્ર છે **'समानो मन्त्रः समिति समानी समानं मनः सह चितमेषाम्'** એટલે કે સમૂહમાં મળીને કાર્ય કરવાવાળાનો સમાન મંત્ર હોય, એક જ લક્ષ્ય હોય, પ્રત્યેકનાં મન, ચિત્ત પણ એક સમાન હોય. આવી ભાવનાથી જોડાયેલા લોકોનો સમૂહ હોવો એ સમાજરચનાની પાયાની શરત છે.

**સેવા :** સેવા શબ્દ સ્વયંભૂ જ પરોપકારની ભાવના સૂચવે છે. જેમાં વ્યક્તિ, સમૂહ, મંડળ, ઈષ્ટદેવ, રાષ્ટ્ર પ્રત્યેનો અહોભાવ સદા હૃદયસ્થ હોય, પોતે જેને સેવ્ય ગણ્યા હોય તેના પ્રત્યે સર્વદા સાચી લગનથી નિષ્ઠાપૂર્ણ સમર્પિતતા હોવી તેનો મૂળભૂત ભાવાર્થ છે. સેવા ધર્મના પર્યાયરૂપ કહેવાય છે. **सेवा परमो धर्म।** અર્થાત્ સેવા એ સર્વશ્રેષ્ઠ ધર્મ છે. એટલે તો સમાજમાં સેવાના ભેખધારી એવો શબ્દ પણ પ્રચલિત છે.

**ધર્મ :** ધર્મ શબ્દને જડતા કે સંકુચિતતા નહિ પણ વ્યાપકતાની સાપેક્ષતાએ લેવો ઘટે. તે કોઈ ખાસ પદ્ધતિ કે સંપ્રદાયના સીમાડામાં બાધિત કે સીમિત ન હોઈ શકે. ટૂંકમાં કહેવું હોય તો ધર્મ એ ચર્ચા નહીં પણ ચર્યાની બાબત છે. જેમાં અંધશ્રદ્ધા નથી પણ આસ્થા છે, દંભ કે દેખાડો નહીં પણ દિલદિમાગી દીનતાનો ભાવ છે. તે કેવળ ક્રિયાકાંડ નહિ પણ કર્મયોગ ઉજાગર કરે છે. ભગવાન શ્રીકૃષ્ણએ ગાયેલી ગીતા એ કર્તવ્યવિમુખ નહિ પરંતુ કર્તવ્યપ્રવૃત્ત થવાની પ્રેરણા આપે છે. કર્તવ્યપરાયણતા એ પરમધર્મ છે. ધર્મનો એક બીજો અર્થ છે. **धारयति इति धर्म!** અર્થાત્ જે સર્વને ધારણ કરે છે એટલે કે

આધાર આપે છે તે ધર્મ છે. વૈદિક પરંપરા યુક્ત સનાતનધર્મ સમજીએ તો એ કોઈ પંથ, સંપ્રદાય કે ઉપાસનાપદ્ધતિ નથી બલ્કે જીવનપદ્ધતિ છે. How to live અને Let all liveના સિદ્ધાંતને પ્રાધાન્ય આપતી સંહિતા છે.

**આચરણ :** આચરણનો સીધોસાદો અર્થ છે અન્ય સાથેનો આપણો વ્યવહાર. સત્યનું આચરણ, સત્યવ્રતી હોવું એમાં અભિપ્રેત છે. જીવનને સાર્થક કરવાની જડીબૂટ્ટી. એટલે વિશુદ્ધ આચરણ. સત્ય કદાચ પરેશાન થતું લાગે પણ પરાજીત કરી શકાતું નથી, કેમ કે તે જ ધર્મ છે. 'ધર્મ ન દૂસર સત્ય સમાના'. આપણો આદર્શ એવો હોવો જોઈએ કે બીજા તરફથી આપણને જે અપેક્ષિત હોય તેવાં વાણી, વ્યવહાર, વર્તન તો કમ સે કમ તેમના પ્રત્યે રાખવાનો આપણે અભિગમ કેળવીએ. મનુસ્મૃતિમાં વર્ણન છે તે મુજબ સત્ય, તપ, દાન, અહિંસા, પવિત્રતા, સંયમ, ક્ષમા, ધૈર્ય, અસ્તેય અને શાંતિ વિગેરે યુક્ત આચરણથી જીવનનું ઘડતર થાય છે. આમાંથી જે પણ કાંઈ ગ્રહણ કરવા યુક્ત લાગે તેના પાલન થકી આચરણ વિશુદ્ધ બને છે.

**સમાજસેવા :** આજકાલ સમાજસેવા શબ્દ બહુ પ્રચલિત છે. સાચા અર્થમાં સમાજસેવા એટલે પોતે જે વર્ગ, સમૂહ, સંસ્થા કે સંગઠનનું પ્રતિનિધિત્વ કરે છે તેનું હિત સદા હૈયે રાખવાની પ્રતિબદ્ધતા અને તેના માટે પોતે જે આદર્શ મનોભાવિત કર્યા છે તેનાથી જાણે કે અજાણ્યે વિચલિત ન થવાય તેની જાગૃતિ. સંસ્થાનું પોતાના કોઈ વ્યવહાર કે કૃત્યથી અહિત કે નુકશાન તો કદાપિ ન થવું જોઈએ. સદા તેનું હિત હૈયે હોવું એ પ્રાથમિક ફરજની સાથે સાથે જવાબદારી બને છે. આ મૂળભાવનાને આત્મસાત કર્યા વગર પોતાને 'સમાજસેવક' ઓળખાવીએ તો તેનો કોઈ અર્થ નથી. અલબત્ત અહીં કોઈની સમાજભાવના કે લાગણીને ઠેસ પહોંચાડવાની વાત નથી, પરંતુ જેનામાં મારો સમાજ, મારી સંસ્થા, મારું સંગઠન કઈ રીતે પ્રગતિ કરે ! એનું રટણ હોય, સમાજના લોકોના ઉત્કર્ષ માટે હું શું કરી શકું ! તેની ચિંતા હોય, જે સમાજે મને પોષ્યો છે તેનું મારા પર ઋણ છે તે કઈ રીતે અદા કરી શકું ! તેની ખેવના હોય અને સમાજે મને સેવાનો અવસર આપ્યો છે તો તેને મારાં મહત્તમ અને શ્રેષ્ઠ ઊર્જાશક્તિ ખર્ચવા શું પ્રદાન કરી શકું ! તેની ધગશ હોય તે ખરા અર્થમાં સમાજસેવક કહેવાય.

**સમાજસેવા અને ધર્માચરણ :** સમાજસેવા ક્ષેત્રે ધર્માચરણ એટલે સોનામાં સુગંધ ભળવા બરાબર કહેવાય. કોઈપણ સામાજિક સંગઠન કે સંસ્થાની તરક્કી તેમાં જોડાયેલા કાર્યકર્તાઓનો સમાજના લોકો સાથેનો વ્યવહાર કેવો છે તેના પર બેશક નિર્ભર છે. આમાં કામ કરતા સેવકોનો શું ધર્મ છે ? લોકોની નિ:સ્વાર્થભાવે નીતિમત્તા અને પ્રમાણિકતાથી સેવા કરવી તે. સાચો સમાજસેવક. તો પ્રશસ્તિ અને પ્રસિદ્ધિથી જોજનો દૂર રહે. આમાં 'મારું શું' અને 'મારું શું'ના મનોભાવ ક્યારેય પ્રગટ ન થવા જોઈએ. પોતાને જે પણ કોઈ પદની જવાબદારી મળી હોય તેને ન્યાયપૂર્ણ અને નિષ્પક્ષપણે અદા કરવાની ગંભીરતા સદા હોવી ઘટે. પદના માધ્યમથી હકારાત્મક અભિગમ રાખીને સેવા કરવાને અગ્રીમતા આપવી ઘટે. સમાજ કે સંસ્થાના હિતમાં હોય તેમાં નિર્ભયતાથી મત વ્યક્ત કરવા અને સ્પષ્ટવક્તા બની સાચી બાબત રજુ કરવામાં ક્યારેય સંકોચ ન હોવો ઘટે. આમાં વ્યક્તિગત ગમા કે ણગમાને સ્થાન ન હોઈ શકે. **'સમાજ કે સંસ્થા સર્વોપરિ છે, વ્યક્તિ નહીં' એ આદર્શ મૂર્તિમંત થવો જોઈએ.**

સમાજ કે સંસ્થાનું સંચાલન કરનાર નેતૃત્વના શિરે તો વિશેષ જવાબદારી રહે છે. તેનામાં પરિપક્વતા, ધીરગંભીરતા, વિનમ્રતા અને સહિષ્ણુતા જેવા સદ્‌ગુણો જેટલી વધુ માત્રામાં હોય તેટલી તે સંસ્થા કે સમાજની વધુ પ્રગતિ. કારણ કે દોરવણી પૂરી પાડનારા પારદર્શી શુદ્ધાચરણ અને સાથીઓ - લોકો પ્રત્યેના સાલસ વર્તાવ થકી દાખલારૂપ બનીને આદર - સન્માન પ્રાપ્ત કરી શકતા હોય છે. કેટલેક ઠેકાણે એવાં ઉદાહરણ પણ જોવાય છે કે વર્ષોના વર્ષો સુધી આવા સેવકો પોતાના સમાજ-સંસ્થાને ઊંચાઈને શિખરે પહોંચાડીને પણ સતત નિરંતર સમાજનો પ્રેમ સંપાદન કરી શક્યા છે, એ શું સૂચવે છે ? તેમની ઉદાત્ત અને હૃદયસ્થ સેવાભાવના. કેટલી માત્રામાં સમાજસેવા થઈ શકે છે તે નહીં પણ આમાં પોતાના અણીશુદ્ધ વ્યવહાર થકી કેવું પ્રદાન કરી શકાય છે તે મહત્ત્વનું છે.

આજે તો વિજ્ઞાન અને ટેકનોલોજીના સહારે વિશ્વએ ઘણી પ્રગતિ કરી છે. વર્ષો પહેલાં લોકોને એકત્ર કરીને સમાજસેવાની ભાવના પ્રબળ કરવા એ દુષ્કર કાર્ય લેખાતું. એ જમાનામાં પણ સમાજસેવાના ભેખધારીઓએ સમાજમાં જાગૃતિ લાવવા લોકસંપર્ક કેળવવા જાતે ઘસાઈને કરેલી મહેનત આજના કરતાં અનેકગણી ચડિયાતી કહેવાય. 'ગુજરાત વાળંદ સેવા સંઘ' જેવી રાજ્ય વ્યાપક સંસ્થાની સ્થાપના કરી અમદાવાદના પૉશ વિસ્તારમાં વિદ્યાર્થીગૃહ બનાવી જ્ઞાતિજનોની સેવામાં મૂક્યું એ કંઈ નાનુંસૂનું કામ નથી, બલ્કે જ્ઞાતિની મહાન સેવા કરી છે તેમ કહેવું જરાય અતિશયોક્તિભર્યુ નથી. શિક્ષણ થકી સમાજ ઉત્કર્ષ એ મંત્ર સાર્થક થતાં કેટલાય લોકો માટે આ છાત્રાલય પ્રગતિકારક બન્યું છે. આપણા વડવાઓની દૂરંદેશીભર્યું આ સ્તુત્ય કદમ સદા માટે અમર બની ગયું છે.

આજે અદ્યતન ટેકનોલોજીથી હવે તો સમાજમાં મુખપત્રોરૂપી પ્રિન્ટ મીડિયા સાથે સોશીયલ મીડિયાનું ચલણ પણ વધ્યું છે. દરેક જથ, મંડળોમાં ઉપરાંત રાજ્યભરના

જ્ઞાતિજનોને જોડતાં અનેક વૉટસએપ ગૃપ અસ્તિત્વમાં છે. તેના માધ્યમથી કોઈપણ માહિતી-સમાચાર ઝડપથી સેંકડો પરિવાર સુધી પ્રસરી જાય છે. આટલો પ્રચાર-પ્રસાર હોવા છતાં અન્ય જ્ઞાતિઓના સંગઠનોની સરખામણીએ આપણે ક્યાં છીએ ? એ વિચારતા કરી મૂકે તેવો યક્ષ પ્રશ્ન છે. શૈક્ષણિક ક્ષેત્રે પ્રગતિ થઈ હોય તેવાં પરિવારોની સંખ્યા કેટલી ? અન્ય જ્ઞાતિઓ સમાજોની તુલનાએ આપણાં શૈક્ષણિક સંકુલોની સંખ્યા કેટલી ? તેજસ્વી તારલાને ઈનામથી પ્રોત્સાહિત કરવા કે મર્યાદિત પ્રમાણમાં ફી પેટેની સહાય કરવા માત્રથી સર્વાંગી વિકાસ થઈ શકશે? હજુ વધારે માત્રામાં સર્વાંશે સેવા ન થઈ શકે? વિચાર કરવા જેવી બાબત છે. આપણી જ્ઞાતિમાં સર્વત્ર પોતપોતાની રીતે આ માટે કામ કરવાનું ચલણ જોવા મળે છે. નિઃશંક બિરદાવવા જેવું છે. પરંતુ સમાજ એ સ્પર્ધાનું નહિ સેવાનું પ્લેટફોર્મ છે, એમ વિચારી પરસ્પર સંવાદિતા કેળવી ઐક્ય રચી એક દિશામાં સામૂહિક અને સહિયારા પ્રયાસ થાય તો ધાર્યા પરિણામ મેળવી શકાય અને તો સમાજની વધુ સારી અસરકારક સેવા થઈ લેખાશે એ પણ માનવું રહે.

જય સચ્ચિદાનંદ

**જયંતિભાઈ કે. લિમ્બાચિયા**

## અગત્યની જાહેરાત

**શ્રી લિમ્બચ વિદ્યોત્તેજક મંડળ અમદાવાદના ઉપક્રમે દર વર્ષની જેમ ચાલુ વર્ષે ૨૦૨૪માં અમદાવાદમાં ધો. ૧૦ અને ૧૨માં ૭૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ તથા તમામ પ્રકારના ડિગ્રી, ડીપ્લોમા, વ્યવસાયીક છેલ્લી પરીક્ષાઓ જેવી કે નર્સિંગ, કોમ્પ્યૂટર, પી.ટી.સી., બી.એડ., એમ.એડ. વગેરે ગ્રેજ્યુએટની તમામ ફેકલ્ટીમાં પ્રથમવર્ગ મેળવનાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીએ અસલ ઉપરથી ઝેરોક્ષ માર્કશીટની કોપી, પોસ્ટલ એડ્રેસ અને મોબાઇલ/ફોન નંબર લખી નીચેના સરનામે તા. ૩૧-૮-૨૪ સુધી રૂબરૂ અથવા ટપાલ દ્વારા મળે તે રીતે મોકલવી. આવેલી માર્કશીટના આધારે પ્રથમ, દ્વિતીય અને તૃતિયને શિલ્ડ તથા બાકીના દરેક વિદ્યાર્થીને પ્રોત્સાહન ઈનામ તથા સન્માનપત્ર આપવામાં આવશે.**

**મોકલવાનું સરનામું**

માનદ મંત્રી શ્રી લિંબચ વિદ્યોત્તેજક મંડળ
શ્રી બાલુભાઈ બી. પારેખ
૬૫, નીલકમલ સોસાયટી, આયોજનનગર પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭ મો. ૯૪૨૮૫૦૩૨૯૧

પ્રેષક : ભાનુભાઈ વૈદ્ય, પ્રમુખશ્રી લિંબચ વિદ્યોત્તેજક મંડળ, અમદાવાદ મો. ૭૪૦૫૭૨૮૯૫૫



## પ્રમુખશ્રીની કલમે

વ્હાલા જ્ઞાતિ ભાઈ-બહેનો

સાદર વંદન.

ગુજરાત વાળંદ સેવા સંઘ સંચાલિત આ મેગેઝીન 'વાળંદ વિકાસ' આપ સહુ બહોળા પ્રમાણમાં વાંચતા હશો. આપની સુલભતા માટે ડીજીટલી પીડીએફ પણ ગુજરાતભરના આપણા વિવિધ સામાજિક વૉટ્સએપ ગૃપોમાં નિયમિતપણે મૂકાય છે તથા સંસ્થામાં લવાજમ ભર્યું હોય તેમને દર માસની બીજી તારીખે પોસ્ટલ પણ રવાના કરાય છે. વાળંદ વિકાસના માધ્યમથી આપ સહુને જાણકારી તો પ્રાપ્ત થઈ ગઈ જ છે કે આપણી આ સંસ્થા દ્વારા અમદાવાદ ખાતે જૂના વિદ્યાર્થીગૃહને ઊતારીને હવે અદ્યતન સવલતોવાળી બહુમાળી ઈમારત બનવા જઈ રહી છે. ગ્રાઉન્ડ લેવલના ધાબા સુધીના બાંધકામની પૂરજોશમાં પ્રગતિ થવાથી ગ્રાઉન્ડ ફ્લોર પર ધાબા લેવલે કામ મહદ્અંશે પૂરું થયું છે. હવે આ કામમાં પ્રગતિ નાણાકીય ફંડના અભાવે અટકે નહિ તે માટે બહુ ટૂંકા ગાળામાં જ મોટા પ્રમાણમાં રકમ એકત્ર કરવાની જરૂરત છે. સંસ્થાએ બ્રોશરના માધ્યમથી વિગતે માહિતી પૂરી પાડી છે. બ્રોશરને વાળંદ વિકાસમાં પણ પ્રકાશિત કરી આપને પૂરી જાણકારી આપી છે. દર માસે હું આપને આ પ્રોજેક્ટ માટે ઉદારતાપૂર્વક કોઈપણ જાતની શંકાકુશંકા કે ખચકાટ રાખ્યા વગર આપનું દાન સંસ્થામાં જમા કરાવવા અપીલ કરતો રહ્યો છું. દાન જમા કરાવવા આપને માટે સવલતના ભાગરૂપે સંસ્થાના બેન્ક એકાઉન્ટનો ક્યુઆર કોડ પણ આપની સાથે શેર કરવામાં આવેલ છે. વાળંદ વિકાસના પ્રથમ મુખપૃષ્ઠ પર જ તે અંકિત થયેલ છે. આપ ઘેર બેઠા આપની ઇચ્છા મુજબ ઓછામાં


ઓછા એક ચો. ફૂટ બાંધકામના રૂ. ૫,૧૫૧/- લેખે યથાશક્તિ પરંતુ ઉદારતાથી શક્ય તેટલી વધુ રકમનું દાન ક્યુઆર કોડ પર ક્લીક કરી સંસ્થાના બેન્ક એકાઉન્ટમાં જમા કરાવી શકો છો. બ્રોશરમાં જણાવેલ વિગતોનુસાર કોઈ પણ માળ, રૂમ કે હોલ માટેના દાતા થવાની પણ જાહેરાત કરી શકો છો. આપને જાણકારી આપીએ કે આ સંસ્થાને આપેલ દાન આવકવેરા કલમ ૮૦ જી(૫) હેઠળની જોગવાઈ મુજબ આવકમાંથી બાદ મળવા પાત્ર છે તો આ સવલતનો આપ ઘેર બેઠા પણ લાભ લઈ શકો છો.

ગુજરાત ભરમાં આપણા સમાજનાં લાખો કુટુંબો વસતાં હશે. દરેકને મારી વિનમ્રભાવે અપીલ છે કે અમદાવાદ ખાતે સમાજના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સવલત માટે ભવિષ્યમાં ઉપયોગી અને આશીર્વાદરૂપ બની રહેનાર આ વિદ્યાર્થીગૃહ અને સાંસ્કૃતિક ભવનના નિર્માણકાર્યમાં આપ વધુ વિલંબ કર્યા સિવાય પોતાનું યોગદાન આપશો તો તે સમાજની મોટી સેવા કરી લેખાશે. આ બહુમાળી ભવન એ આપણી જ ભાવિ પેઢી માટે અમૃતસમાન મીઠાફળ પ્રદાન કરતું આમ્રવૃક્ષ બની રહેનાર છે. તે માટે આપણે સહુ વિના સંકોચે સહભાગી બનીએ.

આ માટે આપ સંસ્થાની રૂબરૂ મુલાકાત લઈ વાકેફ થઈ શકો છો. ગુ. વા. સેવા સંઘના મંત્રી શ્રી ભાનુભાઈ એન. વૈદ્યની લગભગ રોજ ઉપસ્થિતિ હોય છે. ટ્રસ્ટીમિત્રો પણ પોતપોતાની રીતે હાજરી આપે છે. અમારા પોતાના પ્રયાસો તો દાન લાવી આપવા માટે નિરંતર ચાલે જ છે. ટૂંક સમયમાં હવે હું સ્વદેશ આવી રહ્યો છું. હવે વ્યાપક સંપર્કોની ઝુંબેશ ઉપાડવાની છે. સાથી કાર્યકર્તા મિત્રો સાથે પરામર્શ કરી ભાવિ કાર્યક્રમ નક્કી થશે.

આપના જથ/મંડળ તેમજ સામાજિક સંપર્કોમાં બહોળો પ્રચાર-પ્રસાર કરીને દાન આપી/અપાવી ઉપયોગી થશો તો આપનો આભારી થઈશ.

**આપનો**
**વિપુલ વી. દલાલ**
**પ્રમુખ, ગુજરાત વાળંદ સેવા સંઘ**



## મંત્રીશ્રીની કલમે

વ્હાલા જ્ઞાતિજનો,

નમસ્કાર.

હું ભાનુભાઈ (પ્રભુદાસ) એન. વૈદ્ય મંત્રી, ગુ. વા. સેવા સંઘ આ માધ્યમથી આપની સમક્ષ આવતાં આનંદની લાગણી અનુભવું છું. આપ સહુની જાણમાં હશે કે આપણી સંસ્થા દ્વારા નિર્માણાધીન વિદ્યાર્થીગૃહના નવિન ભવનનું બાંધકામ પ્રગતિમાં છે. પાયાનું કામ એટલે કે ભોંયરું, પાર્કીંગના લેવલથી હવે ગ્રાઉન્ડ લેવલે કામ આવી ગયું છે. આપણી જ્ઞાતિ માટે અમદાવાદ જેવી શૈક્ષણિક-સાંસ્કૃતિક મહાનગરીમાં આ એક અહમ અને અગત્યતા ધરાવતો પ્રોજેક્ટ છે. લગભગ પંદર કરોડ રૂપિયાના ખર્ચે આ ભવનનું ગ્રાઉન્ડ + ૬ માળનું બાંધકામ થશે. ખૂબ મોટા ભંડોળની જરૂરત છે. છેલ્લા એકાદ વર્ષ કરતાં વધુ સમયથી પ્રમુખ શ્રી વિપુલભાઈ વી. દલાલ દ્વારા આપને અપીલ કરવામાં આવે છે. પ્રતિસાદ તો મળે છે, પરંતુ હજુ ઘણી મંઝિલ કાપવાની છે. આ સંસ્થામાં છેલ્લા ચાર દાયકાથી હું કાર્યરત છું. મારા જીવનના અડધા ઉપરાંતના વર્ષોનો સમય સંસ્થાની સેવામાં પ્રદાન કરેલ છે, પણ હાલનો તબક્કો સંસ્થા માટે કસોટીરૂપ છે એવું મને લાગે છે. કારણ કે ઘણું ભંડોળ એકત્ર કરવાનું છે. ગુજરાત રાજ્યના ખૂણે ખૂણે વાપીથી વાવ અને દાહોદથી દેવભૂમિ દ્વારકા સુધીના ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ પટ્ટાને આવરી લેતા વિસ્તારમાં વસતા આપણા સર્વ જ્ઞાતિજનોના બહોળા પ્રમાણમાં સહકાર અને સહયોગની અમને આવશ્યકતા છે. આપણા સમાજનાં પાંચેક લાખ કુટુંબોની વસતી તો રાજ્યમાં હશે જ. આ ઉપરાંત દેશ-વિદેશમાં વસતા જ્ઞાતિજનો જુદા. આમાંથી મહદ્અંશે પરિવારો પણ આ સેવાયજ્ઞમાં પોતાના દાનરૂપી આહૂતિ અર્પણ કરવા જોડાય તો કશું જ અશક્ય નથી. આપણી સંસ્થામાં રહી ભણીગણીને સુખી-સંપન્ન થનાર વિદ્યાર્થી તથા તેમનો પરિવાર હજારોની સંખ્યામાં હશે. જે સંસ્થા આપણી પ્રગતિમાં સહભાગી બની છે તેના પ્રત્યે લાગણી બતાવી ઋણમુક્ત થવાનો આ અવસર છે. જે પણ

આપનાથી યથાશક્તિ થઈ શકે તેટલો સહયોગ કરવા મારી અપીલ છે. વળી રાજ્યભરમાં સમાજ અનેક જથો, મંડળો, ટ્રસ્ટોમાં અસ્તિત્વ ધરાવે છે. તેના વહીવટકર્તાઓ પણ આ સેવાયજ્ઞમાં જોડાઈ પોતાના સંગઠનોમાંથી દાન મેળવી આપે તેવી પણ અપીલ કરું છું.

સંસ્થાનું કાર્યાલય આપણા છાત્રાલયને અડીને જ આવેલું છે. મારી હાજરી લગભગ દરરોજ બપોરના બે વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી હોય છે. આપ સંસ્થાની મુલાકાતે આવી સ્થળ પરીક્ષણ કરશો તો મને આનંદ થશે. આપના હકારાત્મક પ્રતિસાદની અપેક્ષા છે.

મારા સહ કાર્યકર ટ્રસ્ટી મિત્રોનો સુંદર સહયોગ મળે છે. પોત-પોતાની રીતે દાન આપવા-અપાવવામાં લાગી ગયા છે. ટ્રસ્ટી મિત્રોમાં અમુક નિયમિત પણે કાર્યાલયમાં આવે છે અને રોજેરોજ દાનના સમાચાર લાવે છે પણ હજુ તેમાં વેગ લાવવાની જરૂરત છે. હું પોતે પણ મારા સંપર્કો થકી મહત્તમ રકમનું દાન લાવવા સક્રિય છું. જે ટ્રસ્ટી મિત્રો કદાચ ઓછો સમય આપી શકતા હોય તેમને હવે સક્રિય બની સંસ્થા સાથે વધુ સમય જોડાયેલા રહેવા તથા કામે લાગી જવા મારો અનુરોધ છે. પ્રચાર-પ્રસાર સમિતિ અને એડવાઈઝર્સ - શુભેચ્છકો પણ કમર કસી સહયોગી બને તેવી અપીલ છે. આપણો એક જ મંત્ર હોવો જોઈએ કે **'ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડાયેલા રહો.'**

અસ્તુ.

**આપનો**
**ભાનુભાઈ એન. વૈદ્ય**
**મંત્રી, ગુ. વા. સેવા સંઘ**

## ગુજરાત વાળંદ સેવા સંઘના નવિન બિલ્ડીંગ માટે જૂન-૨૦૨૪ માસમાં જમા/જાહેર થયેલ દાનની યાદી

| રૂપિયામાં | નામ |
|---|---|
| ૫,૫૧,૦૦૦/- | શ્રી મહેશભાઈ છનાભાઈ રાજન, અમદાવાદ |
| એક રૂમ પેટે | (પ્રેરક : શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય-મંત્રીશ્રી) |
| ૫૧,૦૦૦/- | શ્રી સૌરાષ્ટ્ર હિતવર્ધક કો. ઓ. ક્રેડિટ સોસાયટી, હ. પ્રમુખશ્રી પ્રવિણભાઈ ગોંડલિયા, મંત્રીશ્રી રાજેશભાઈ ભટ્ટી (પ્રેરક : શ્રી વિજયભાઈ બગથરીયા, ઉપપ્રમુખશ્રી) |
| ૧૧,૧૧૧/- | ડૉ. શ્રી માધવલાલ એસ. વૈદ્ય, સાયબાપુર (વિજાપુર) |
| ૧૧,૦૦૧/- | શ્રી કનુભાઈ નાનુભાઈ વૈદ્ય, ભંકોડા, હાલ અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | શ્રી ભીખાભાઈ કેશવલાલ લિમ્બાચીયા, ઉનાવા (ઊંઝા) હાલ અમદાવાદ |
| ૧૦,૩૦૨/- | શ્રી ભાનુભાઈ ચેહરાભાઈ નાયી, વાયડ, હાલ અમદાવાદ |
| ૫,૧૫૧/- | શ્રી ભરતભાઈ ભાઈલાલભાઈ વડોદરિયા, વિરોચનનગર, તા. સાણંદ |
| ૫,૧૫૧/- | શ્રી લીલાબેન અંબાલાલ વાળંદ, ત્રાસદ (ધોળકા) |
| ૫,૧૫૧/- | શ્રી મુકેશભાઈ બુધાભાઈ પારેખ, બારેજા |
| ૫,૦૦૦/- | શ્રી જયંતિભાઈ હરગોવનદાસ પારેખ, અમદાવાદ |

**માનવંતા દાતાશ્રી તથા દાન માટે પ્રેરણારૂપ બનનાર સહુનો ગુ. વા. સેવા સંઘ આભાર વ્યક્ત કરે છે.**

પ્રેષક : મંત્રી/ખજાનચી, ગુ.વા.સેવા સંઘ

## શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ-અમદાવાદ

### જોઈએ છે

શ્રી ગુજરાત વાળંદ સેવા સંગને નવિન બિલ્ડીંગ બાંધકામના રોજબરોજના સુપરવીઝન માટે બિલ્ડીંગ બાંધકામના કામમાં નીચે મુજબની લાયકાત/અનુભવ ધરાવતા સાઈટ એન્જિનિયરની જરૂરિયાત છે.

**૧) શૈક્ષણિક લાયકાત : સિવિલ એન્જિનીયર તરીકેની ડીગ્રી/ડિપ્લોમાં સર્ટિફીકેટ હોલ્ડર**


**૨) અનુભવ : બહુમાળી બિલ્ડીંગ બાંધકામમાં સાઇટ એન્જિનિયરની કામગીરીનો પાંચ વર્ષનો અનુભવ**

**અમદાવાદ અથવા નજીકના વિસ્તારના રહેવાસીને પ્રાધાન્ય અપાશે.**

રસ ધરાવતા ઉમેદવારોએ લાયકાત/અનુભવના જરૂરી પ્રમાણપત્ર તથા અપેક્ષિત મહેનતાણાની વિગત સહિત **પ્રમુખ/મંત્રીશ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ કાર્યાલય C/o. સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળના બિલ્ડીંગ, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬ના નામે લેખિતમાં અરજી મોડામાં મોડી તા. ૧૦-૭-૨૦૨૪ સુધીમાં રૂબરૂ અથવા પોસ્ટ કે કુરીઅરથી મોકલી આપવાની રહેશે.**

**પ્રમુખશ્રી, મંત્રીશ્રી**
**શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ**

## નવમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાસુમન અર્પણ



**સ્વ. શારદાબેન જ્યોતીન્દ્રભાઈ નાયી**
વતન : પુંધરા,
સોસ્ત્તર જુથ નાયી સમાજ
અવસાન તા. ૨૭-૭-૨૦૧૫
(ઝામ્બિયા)

**वायुर अनिलम् अमृतम् अथेदं भस्मान्तं शरीरम् ।**
**ॐ क्रतो स्मर कृतं स्मर क्रतो स्मर कृतं स्मर ॥१७॥**

- ઈશોપનિષદ

**ભાવાર્થ : ભૌતિક શરીરનો નાશ થવાથી આત્માનો નાશ થતો નથી બલ્કે ભૌતિક શરીરના વિસર્જન પછી પણ પોતે કરેલાં સત્કર્મો થકી અસ્તિત્વ રહે છે.**

ગુજરાત વાળંદ સેવા સંઘના સ્થાપના કાળથી અગ્રેસર દાતા રહેલા સ્વ. રેવાભાઈ વાલજીભાઈ નાયી પરિવારના મોભી સમાન તેમના પુત્ર-પુત્રવધૂ દંપતિ બેલડી ગુ.વા.સે.સંઘના નવસર્જનના ઉદ્ધારક ભામાશાસમ સ્વ. જ્યોતીન્દ્રભાઈ અને સ્વ. શારદાબેન જે. નાયી પૈકી સ્વ. શારદાબેન જે. નાયીની તા. ૨૭-૭-૨૦૨૪ના રોજ નવમી વાર્ષિક પુણ્યતિથિ છે. ગુ.વા.સેવા સંઘ, સોસ્ત્તર જથ તથા રાજ્યભરમાં જ્ઞાતિજનો પ્રત્યેની તેમની નિસ્પૃહ ઉદારદીલની દાતારી, જ્ઞાતિમાં કેળવણી, સાક્ષરતા પ્રસરે અને જ્ઞાતિનો સર્વાંગી ઉત્કર્ષ થાય તેવી એક વિશાળ ભાવના હંમેશાં સહુને યાદ રહેશે.

કહેવાય છે કે મૃત્યુ તો એક દિવસ સહુનું આવે છે પણ કોઈ પણ જીવાત્મા અમર રહે છે તેના સત્કાર્યો થકી. અને આપ જેવા પુણ્યશાળી આત્માઓ થકી થયેલાં સત્કર્મો તો સદાકાળ ચિરંજીવી રહે તેવાં છે. અમો આપના પુણ્યાત્માને, આપના સત્કાર્યોને યાદ કરી શ્રદ્ધાસુમન અર્પણ કરીએ છીએ. આપ જ્યાં પણ હોવ ત્યાંથી અમારા સમાજ, જ્ઞાતિના લોકો માટે આપના શુભાશિષ વરસતા જ રહે એવી અમારી અભિલાષા છે.

આપના પુણ્યાત્માને મોક્ષદાયી ગતિ મળે. અમોને આપના રાહે ચાલી સમાજના ઉત્કર્ષ માટે કામ કરવાની પ્રેરણા અને બળ મળે તેવી હૃદયાંજલિ સહ પ્રાર્થના.

**શ્રી વિપુલભાઈ વી. દલાલ** — પ્રમુખ
**શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય** — મંત્રી
**કાળીદાસ કે.પારેખ**
ન્યુ બિલ્ડીંગ પ્રોજેક્ટ ચેરમેન
**તથા**
**સમસ્ત ગુજરાત વાળંદ સેવા સંઘ પરિવાર**

# પ્રાદેશિક સમાચાર

## શ્રી બેતાલીસ જુથ વાળંદ જ્ઞાતિ સમાજ ટ્રસ્ટ કટોસણ રોડ, તા. દેત્રોજ, જિ. અમદાવાદ

### નિઃશુલ્ક ચોપડાનું વિતરણ સંપન્ન થયું

આ સંસ્થા દ્વારા ચુંવાળ સમાજના બેતાલીસ પરગણાના ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ ૩ થી ૫માં આવનાર વિદ્યાર્થીઓને પાંચ નંગ પ્રમાણે તથા ધોરણ ૬ થી ૧૨માં આવનાર વિદ્યાર્થીઓને દશ નંગ પ્રમાણે ચોપડાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું. આ વર્ષના ચોપડા માટેના દાતાઓ નીચે મુજબ રહ્યા છે.

(૧) રૂા. ૨૫,૦૦૦/- સ્વ. કાંતિભાઈ સોમનાથ લિમ્બાચીયા ઝાંઝરવાવાળાનો પરિવાર હસ્તે શ્રી યોગેશભાઈ કાન્તિભાઈ લિમ્બાચીયા તથા શ્રી સંજયભાઈ કાન્તિભાઈ લિમ્બાચીયા હાલ વસ્ત્રાલ, અમદાવાદ. (૨) રૂા. ૧૧,૦૦૦/- શ્રી ગોપાલભાઈ મફતલાલ લિમ્બાચિયા, ચું. ડાંગરવા પ્રમુખશ્રી લિંબચધામ, કટોસણ રોડ. (૩) રૂા. ૧૧,૦૦૦/- શ્રી જયંતિભાઈ કરશનભઆઈ લિમ્બાચીયા રૂદાતલ. મંત્રીશ્રી લિંબચધામ, કટોસણ રોડ. (૪) રૂા. ૧૧,૦૦૦/- ડૉ. શ્રી કેતનભાઈ કાળીદાસ વાળંદ, તેલાવી. (ટ્રસ્ટી શ્રી કાળીદાસ અંબાલાલ વાળંદના પુત્ર)

આ ઉપરાંત પ્રત્યેક રૂા. ૫,૧૦૦/-ના દાતાશ્રીઓમાં સર્વશ્રી (૧) રમેશભાઈ છગનભાઈ વાળંદ, ઓઢવ મંત્રી-બેતાલીસ જુથ (૨) સેંધાભાઈ અંબાલાલ નાયી, અંબાસણ, ટ્રસ્ટી લિંબચધામ (૩) શંકરભાઈ અંબાલાલ વાળંદ, બાલસાસણ (૪) નરેશભાઈ રમેશભાઈ પારેખ તથા આદિત્ય મહેન્દ્રભાઈ પારેખ, લીંચ (૫) ગં. સ્વ. ચંચળબેન સેંધાભાઈ વાળંદ, દિવાનપુરા (૬) સ્વ. પરસોત્તમભાઈ પ્રહલાદભાઈ લિમ્બાચિયાનો પરિવાર - મોટી રાન્તાઈ (૭) સ્વ. પ્રવિણકુમાર ગોપાળદાસ પારેખ, બલોલવાળાના પરિવાર હ. નિકુંજભાઈ, રાણીપ, અમદાવાદ તથા (૮) શ્રી અશ્વિનભાઈ બાબુભાઈ કરણેટિયા, અશોકનગરનું ઉદારતાથી દાન મળ્યું છે. વધુમાં રૂા. ૨૫૦૦/- પ્રમાણેનું દાન પણ સર્વશ્રી (૧) સુર્યકાંતભાઈ પી. વાળંદ, ચું. ડાંગરવા અને શ્રી રાજેન્દ્રકુમાર જી. વાળંદ, બાલસાસણ (બંને ટ્રસ્ટીશ્રી લિંબચધામ, કટોસણરોડ) તથા શિક્ષણ સમિતિ સભ્ય શ્રી બાબુભાઈ કરશનભાઈ લિમ્બાચીયા-રૂદાતલ અને ચું. ડાંગરવાના શ્રી બાબુભાઈ હીરાભાઈ વાળંદ (હાલ મહેસાણા) તરફથી મળેલ છે. આ સંસ્થા સર્વ દાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર માને છે.

આ સંસ્થા છેલ્લા સાત-આઠ વર્ષથી નિરંતર દાતાશ્રીઓના સહયોગથી બેતાલીસ જુથના વિદ્યાર્થીઓને નિ:શુલ્ક વિતરણ કરતી રહી છે. જ્ઞાતિજનો વહીવટકર્તાઓ માટે સારો પ્રેમ અને આદર ધરાવે છે. લિંબચ માતાજી પ્રત્યે પણ શ્રદ્ધામય ભાવ છે. આ સંસ્થાના પ્રમુખશ્રી તથા કાર્યકર્તાઓ પણ દર વર્ષે સમયનો ભોગ આપી લગાવપૂર્વક વિતરણકાર્યમાં જોડાય છે. ચોપડા વિતરણ માટે પ્રમુખશ્રી ગોપાળભાઈ એમ. લિમ્બાચિયા ઉપરાંત શ્રી રાજેન્દ્રભાઈ હરગોવનદાસ પારેખ, કાળીદાસ એ. વાળંદ, રાજુભાઈ જી. વાળંદ, શિવરામભાઈ પારેખ, સેંધાભાઈ નાયી, રમેશભાઈ ખોડીદાસ વાલંદ, નરેશભાઈ પી. લિમ્બાચીયા, વિપુલકુમાર ડી. વાળંદ, દિનેશભાઈ પી. વાળંદ, મંગળભાઈ જે. વાળંદ, નરેન્દ્રકુમાર બી. લિમ્બાચીયા, શૈલેશભાઈ જી. લિમ્બાચીયા વિગેરેએ જહેમત ઉઠાવી કાર્ય સંપન્ન કર્યું. સફળતાપૂર્વક સમયસર કામગીરી સંપન્ન થવા બદલ ટ્રસ્ટની કેળવણી સમિતિ સહુનો આભાર વ્યક્ત કરે છે.

**કનુભાઈ એમ. રાજપુરીયા, ચેરમેન**
**રસિકભાઈ બી. લિમ્બાચીયા, મંત્રી**
**કેળવણી સમિતિ, શ્રી બેતાલીસ જુથ વા. જ્ઞા. સમાજ ટ્રસ્ટ**

## શ્રી ચાલીસ જૂથ વાળંદ કેળવણી મંડળ (ગુજરાત) દ્વારા શૈક્ષણિક કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાઈ ગયો

